૬૪૪૭/૬૧૨૬

રજીસ્ટર્ડ,
ધોરણ–૧૦ મંજૂરી પત્ર
એસ.એસ.સી. પરીક્ષાનો ઈન્ડેક્ષ નંબર

૭૮.૧૪૯

ક્રમાંક:મઉમશબો/ધી.૧૦/ગ/જુ.૦૧/૬–૫/મ/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર–૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર, તા. ૧૮/૭/૦૬

પ્રતિ,
સભ્ય સચિવશ્રી,
ધી ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસિડેન્સિયલ
એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ સોસાયટી અને નાયબ કમિશ્નરશ્રી
આદિજાતિ વિકાસની કચેરી, બિરસામુંડા ભવન,
સેક્ટર–૧૦ એ, ગાંધીનગર.

**વિષય :–** જુન–૨૦૦૬ થી શાળામાં ધોરણ–૧૦નો પ્રથમ વર્ગ શરૂ કરવા બાબત..

**શાળાનું નામ :– એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કુલ, મું. બારતાડ, (ખાનપુર) તા. વાંસદા, જિ. નવસારી.**

**સંદર્ભ :–** ૧. આપની તા. ૪–૩–૦૬ની દરખાસ્ત.
૨. આચાર્યશ્રી એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કુલ, મુ. બારતાડ (ખાનપુર)ના તા. ૯–૩–૦૬ પત્ર ક્રમાંકઃ ૬/૨૫.

ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે ઉપર જણાવેલ શાળામાં જુન–૨૦૦૬થી **ગુજરાતી** માધ્યમનો ધો.૧૦નો પ્રથમ વર્ગ શરૂ કરવાની આપની દરખાસ્ત સંદર્ભ–૨ ના પત્રથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફતે બોર્ડને મળેલ. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ– ૧૯૭૨ (સને ૧૯૭૩ નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૮) તથા તે અન્વયે ઘડાયેલ માધ્યમિક શિક્ષણ વિનિયમો– ૧૯૭૪ તથા તે સંબંધી સરકારી ઠરાવો / વખતોવખતના બોર્ડના પરિપત્રોની જોગવાઈઓ અને ધારાધોરણ અનુસાર નીચેની શરતોએ આપના શાળા મંડળ સંચાલિત માધ્યમિક શાળામાં જુન–૨૦૦૬ થી ધોરણ–૧૦ નો પ્રથમ ક્રમિક વર્ગ શરૂ કરવાની મંજુરી આપવામાં આવે છે.

(૧) શાળાના મકાનમાં નિયમ પ્રમાણે ક્ષેત્રફળવાળા તથા પૂરતા હવા ઉજાસવાળા વર્ગખંડની તેમજ આરોગ્ય વિષયક સગવડોની પૂરતી જોગવાઈ હોવી જોઈશે.

(૨) આ વર્ગ વધારાને લીધે વિષયોની જરૂરીયાત પ્રમાણેના નિયમાનુસાર જરૂરી લાયકાતવાળા શિક્ષકોની નિમણૂંક સત્વરે કરવાની રહેશે. આ સંબંધમાં આપના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું માર્ગદર્શન મેળવી તે મુજબ અમલ કરવાનો રહેશે. શિક્ષકોની ભરતી કર્યા બાદ શિક્ષક રજીસ્ટ્રેશન ફોર્મ નિયત સમયગાળામાં ભરીને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં મોકલી આપવાના રહેશે.

(૩) ધો.૧૦નો વર્ગ શરૂ થતાં નિયમાનુસારના જરૂરી લાયકાતવાળા આચાર્યની નિમણૂંક કરવાની રહેશે તેમજ ધો.૧૦નો વર્ગ શરૂ કરતાં પહેલાં શાળાએ સ્ટાફ પ્રોફાઈલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં મંજુર કરાવી લેવાનું રહેશે.

(૪) ધો.૧૦ના અભ્યાસક્રમને અનુરૂપ પ્રયોગશાળાખંડ, વિજ્ઞાનના સાધનો અન્ય શૈક્ષણિક સાધનો તથા ફર્નીચર પૂરતા પ્રમાણમાં વસાવવાના રહેશે.

(૫) શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે નિયત અભ્યાસક્રમ પ્રમાણે પૂરક વાચનના જરૂરી અને ઉપયોગી પુસ્તકોની ખરીદી કરી શાળાનું ગ્રંથાલય સમૃદ્ધ બનાવવાનું રહેશે.

(૬) સ્થાનિક અથવા આજુબાજુની માધ્યમિક શાળાઓ સાથે સંખ્યા માટે બિન તંદુરસ્ત હરિફાઈ થાય નહિ તેની તકેદારી રાખવાની રહેશે.

(૭) નિયમ પ્રમાણેની રકમ સંયુક્ત ખાતામાં રાખવાની રહેશે. અને તેમાંથી ચેક દ્વારા શિક્ષકોને પગાર ચૂકવવાનો રહેશે.

(૮) ઉ.બુ.શાળામાં ઉદ્યોગને અનુરૂપ નિયમ પ્રમાણે જમીન, છાત્રાલય, વર્કશોપ વિગેરેની વ્યવસ્થા હોવી જોઈશે.

(૯) આ વર્ગમાં પોતાની જ શાળાના વિદ્યાર્થીઓનો પ્રથમ સમાવેશ કરવાનો રહેશે. વિદ્યાર્થીઓના પ્રવેશ માટે કોઈ ભેદભાવ રાખી શકાશે નહિ.

(૧૦) ગ્રાન્ટ અંગે સરકારશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી તરફથી વખતો વખત જે નિયમો અમલમાં હશે તે બંધન કર્તા રહેશે.

Principal
Eklavva Model Residential School
Bartad (Khanpur)
Ta.Vansda, Dist.Navsari

//પાછળ//

Scanned By KagazScanner

(૧૧) આ મંજૂરી મકાન બાંધકામ અને શાળાના રમતગમતના મેદાન અંગેની તમામ મંજૂરીઓ મેળવેલ હોવાની શરતે આપવામાં આવે છે. આથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આ અંગેની ખાતરી કરી લેવાની રહેશે.

(૧૨) ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટી / સંસ્થામાંથી પ્રમાણપત્રો / આધારો મેળવેલ હોય તો આ પ્રકારના પ્રમાણપત્રો / આધારોની ખરાઈ શાળા મંડળે જે તે યુનિવર્સિટી/ સંસ્થામાં રૂબરૂ જઈ કરાવી લેવાની રહેશે અને આ માટે શાળા મંડળ જવાબદાર ગણાશે.

(૧૩) સંસ્થાએ / સંચાલક મંડળે ફાયર સેફ્ટી સહિતની સલામતી અંગેની તમામ વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૪) આ મંજૂરી પત્રથી ધો–૧૦ ના વર્ગની ગ્રાન્ટ આપો આપ મળવાપાત્ર થશે નહીં, ગ્રાન્ટ માટે કમિશ્નરશ્રી, મ.ભો.યો. અને શાળાઓની કચેરી, ગાંધીનગર ખાતે અલગથી દરખાસ્ત કરવાની રહેશે. જેની ખાસ નોંધ લેશો.

**નોંધ :–** સને ૨૦૦૬ ના શૈક્ષણિક વર્ષની નોંધણી ફી રૂા.૨૦૦/– આવેદનપત્રો સાથે પરીક્ષા વિભાગ, વડોદરાને મોકલવાની રહેશે. અને ત્યારબાદ વખતો વખતની ફી વડોદરા કચેરીને ભરપાઈ કરવાની રહેશે.

ઉપર જણાવેલ શરતોનું પાલન થયુ છે કે કેમ તે અંગેનો અહેવાલ વર્ગ શરૂ થયા બાદ ૧૫ દિવસમાં બોર્ડને તથા આપના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને મોકલી આપવા જણાવવામાં આવે છે. એસ.એસ.સી. પરીક્ષા માટેનો **ઈન્ડેક્ષ નંબર :૭૮.૧૪૯** આપવામાં આવે છે.

એસ.એસ.સી. પરીક્ષાની તમામ કામગીરી અંગે ઉપરોક્ત નંબરથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા સાથે પત્ર વ્યવહાર કરવો.

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ રવાના :–**

૧ : નાયબ સચિવશ્રી,
શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫, ૭ મે માળ,
નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ

૨ : જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, **નવસારી** તરફ જાણ તથા શાળાના વાર્ષિક નિરીક્ષણ વખતે શાળાએ ઉપર જણાવેલ શરતોનું પાલન કર્યુ છે કે કેમ તેની ખાતરી કરી બોર્ડને ઘટતો અહેવાલ મોકલવા સારુ

૩: સંયુક્ત સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, પમ્પીંગ સ્ટેશન પાસે, મરાઠા મહોલ્લો, નવાપુરા, વડોદરા તરફ જાણ તથા શાળાને ધોરણ–૧૦ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હોવાથી શાળાને એસ.એસ.સી. પરીક્ષા માટે ઉપરોક્ત ઈન્ડેક્ષ નંબર આપવામાં આવેલ છે. જેની જાણ તથા અમલ સારુ.

૪: આચાર્યશ્રી,
એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કુલ,
મુ. બારતાડ, (ખાનપુર)
તા. વાંસદા, જિ. નવસારી.

૫: સિલેકટ ફાઈલ .

Principal
Eklavya Model Residential School
Bartad (Khanpur)
Ta.Vansda, Dist.Navsari

X:\MUKESH\G-BRANCH\SCH-INDEX-NO-2006.doc

Scanned By KagazScanner